**ક્રિ.કેસ નં.૨૬૦/૨૦૧૩ ના કામે આંક–૧ તળે આખરી હુકમ**

(૧) ફરીયાદી દ્વારા હાલની ફરીયાદ ધી. ને.ઇ.એકટની કલમ –૧૩૮ ના ગુન્હા અન્વયે દાખલ કરવામાં આવેલી છે. આ કામનું રેકર્ડ તથા પ્રોસીડીંગ્સ જોતાં ફરીયાદી જાતે કે તેમના વિ.વ.શ્રી મારફતે છેલ્લી ઘણી મુદતોથી હાજર રહેલા નથી કે ગેરહાજરી સબબ કોઇ મુકિત રીપોર્ટ રજુ કરેલો નથી. ત્યારબાદ ન્યાયના હિતમા અત્રેની કોર્ટ દ્વારા ફરીયાદીને નોટીસ મોકલવામા આવેલ છે જે નોટીસ બજી ગયેલ હોવા છતાં ફરીયાદી જાતે કે વિ.વ.શ્રી મારફત હાજર રહેલા નથી કે નવું સરનામું રજુ કરી બજવણી માટેના કોઇ સક્રિય પ્રયત્નો કરેલા નથી.

(૨) આવા સંજોગોમાં બજવણીના તબક્કે હોવા માત્રથી ફરીયાદી કે તેમના વિ.વ.શ્રી હાજર ના રહે અને કોઇપણ જાતની પ્રોસેસ બજાવવાની કાર્યવાહી કરવા આગળ ના આવે તે યોગ્ય નથી. ફરીયાદ પક્ષે, તેમના વિ.વ.શ્રીને રાખવામાં આવેલ હોય ત્યારે ફરીયાદીની ગે.હા.માં સદર વિ.વ.શ્રીએ હાજર રહી કેસની કાર્યવાહી આગળ ચાલે તે માટેના સક્રિય પ્રયાસ કરવા પડે અને આરોપીને હાજર રાખવા માટે પ્રોસેસને બજાવવાના પ્રયાસ કરવા પડે કે સરનામું રજુ કરી કાર્યવાહી આગળ ચલાવવાની હોય છે, પરંતુ તેવી કોઇ કાર્યવાહી ફરીયાદ પક્ષે લાંબા સમયથી કરેલી નથી કે પોતે પણ હાજર રહેલા નથી. આ સંજોગોમાં ફરીયાદીને કેસ આગળ ચલાવવામાં કોઇ રસ ન હોય તેમ જણાય છે.

(૩) આ સબંધે **ના.સુપ્રિમ કોર્ટ એસ. રામાક્રિષ્ના વિ.રામીરિડ્ડી (૨૦૦૮)(૦) એ.આઇ.આર (એસ.સી.) ૨૦૬૬ ના ચુકાદામાં** ઠરાવેલ સિધ્ધાંત મુજબ ફરીયાદીને અચોકકસ સમયગાળા માટે ફરીયાદ પડતર રાખી મુકવા માટે અનુમતિ આપી શકાય નહિ. તે સાથોસાથ **ના.ગુજરાત હાઇકોર્ટનો ભવાની ટેક્ષટાઇલ્સ મિલ વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ક્રિ.અપીલ નંબર ૨૪૦૫/૦૯, તા.૧૮/૦૧/૨૦૧૦ નો ચુકાદો** ધ્યાને લેતાં તેમાં નામદાર નામદાર ગુજરાત હાઇકોર્ટ ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૫૬ ની છણાવટ કરી ઠરાવવામાં આવેલ છે કે,"ફરીયાદી કે તેમના વિ.વકીલશ્રી લાંબા સમયથી કાર્યવાહીમાં હાજર રહેતા ન હોય કે કાર્યવાહી આગળ ધપાવવા કોઇ સક્રિય પ્રયાસો કરતા ન હોય તો, તેને ફરીયાદ પક્ષની બેદરકારી કહેવી પડે અને તેવી બેદરકારી સબબ ફરીયાદ રદ થવાને પાત્ર છે. આ કેસમાં પણ ઉપરોક્ત કરેલી ચર્ચા મુજબ ફરીયાદી કે તેમના વિ.વકીલશ્રી લાંબા સમયથી કેસમાં હાજર રહેલા ના હોય કે આરોપીને પ્રોસેસ બજાવવા માટે લાંબા સમયથી કોઇ પ્રયત્ન કરાયેલ ના હોય તે સંજોગોમાં ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ ૨૫૬ ને વંચાણે લેતાં હાલની ફરીયાદ ફરીયાદીની કસુરના કારણે રદ કરવાને પાત્ર હોઇ ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુ ક મ**

ફરીયાદીની હાલની ફરીયાદ તેમની ગેરહાજરીના કારણે ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ ૨૫૬ અન્વયે રદ કરવામાં આવે છે અને આરોપીને ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ ના તહોમતમાંથી નિર્દોષ ઠરાવીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખઃ ૧૩મી માહે જુન, સને ૨૦૨૩ ના ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

**તા.૧૩/૦૬/૨૩**
**સ્થળઃ અમદાવાદ**

**(કે.ડી.દ્વિવેદી)**
**એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,**
**ને.ઇ.એ કોર્ટ નં.૨૭, અમદાવાદ,**
**જજ કોડ નં. જીજે૦૧૩૦૮**